# દિવાળી



દિવાળી આવી ! દિવાળી આવી !
નવા વરસની વધાઈ લાવી,
જાત જાતની મીઠાઈ લાવી,
અમાસમાં અજવાળાં લાવી !
ઘેર ઘેર રંગોળી પુરાય,
ઘેર ઘેર તોરણ બંધાય,
ઘેરિયા શેરી ગજવતા જાય,
દીવા ઝગમગ ઝગમગ થાય.
ફડાફડા ફડ ફડ ફૂટે છે.
હવાઈ સૂસવતી છૂટે છે.
ફૂટે ઘર ઘર આતશબાજી
બાળક સઘળાં રાજીરાજી,
દિવાળી આવી ! દિવાળી આવી !
નવા વરસને તેડી લાવી !
સાલમુબારક ! સાલમુબારક !
હોજો સૌને સાલમુબારક !

સંપાદક : જ્યંતભાઈ શુક્લ